વડીલોને વંદન અભિનંદન

પ્રાગજીભાઈ એમ. લીલાણી
(૧૯૩૪)ફોન: ૨૩૨૨૪૭૦૪

બાબુભાઈ એસ. પટેલ
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૭૧૫૪


બિપીનચંદ્ર રતીલાલ શાહ
(૧૯૪૪)ફોન: ૨૩૨૩૧૦૪૨

દિપેશ રામજીભાઈ તન્ના
(૧૯૫૦)ફોન: ૨૩૨૨૬૦૦૩

તલોદ પાલિકામાં નવા કરવેરા નહીં લાદવા કોંગ્રેસની માંગ

તલોદા, તા. ૫

અનેક સુવિધાઓથી વંચિત રહેલા તલોદ નગરપાલિકા વિસ્તારના પ્રજાજનો માટે પાલિકા સૂત્રોએ આકરો કરવેરો વધારવાની વિચારણા કરેલ છે. અનેક પ્રકારના સૂચિત કરવેરાના નવા દર જોતાં જો તે કર વધારો પ્રજાને માથે ઠોકી બેસાડવામાં આવે તો તે અસહ્ય અને અકલ્પ્ય બની રહેશે. આ કરવેરા વધારાની દરખાસ્તનો વેપારી સંગઠનોએ પણ વિરોધ પ્રદર્શિત કરેલ છે. તે જ રીતે પાલિકાના વિરોધ પક્ષના નેતા અરવિંદભાઈ પટેલ સહિતના કોંગ્રેસના સાતે સાત સદસ્યોએ પણ વિરોધ નોંધાવી પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખને કરવેરા નહિ વધારવા સંદર્ભે પત્ર પાઠવેલ છે. તેમના દાવા મુજબ નગરમાં ન.પા. દ્વારા આપવામાં આવતી સફાઈ, પાણી, સ્ટ્રીટલાઈટ જેવી અનેકાનેક સેવાઓ પડી ભાંગેલ છે. જેમાં સુધારો કરવાની તાતી જરૂરત છે ત્યારે તેના બદલે તેવા સમયે પ્રજા ઉપર કરવેરો વધારો ઠોકી બેસાડવાની રસમ સદંતર અયોગ્ય અને અન્યાયી છે. જે નગરજનો માટે કમરતોડ બનશે.

ભાજપના શાસનવાળી તલોદ નગરપાલિકાનાં વહિવટ તદ્દન ખાડે ગયો છે. નગરના અનેક વિસ્તારો પાણી માટે દિવસોથી લોકો ટળવળી રહ્યા છે. રોડના ઠેકાણા નથી. સોસાયટીમાં જતા રોડના સળીયા નીકળી ગયા છે. જે કોઈકનો ભોગ લેશે તેમ લાગે છે. નગરજનોની ફરિયાદો કોઈ સાંભળતું જ ના હોય તેવું બન્યું છે.

જે નવી બોડી આવે તે વેરા વધારાની જ વાતો કરે છે અને પ્રજાની કમર તોડે છે. નગરમાં થતા બાંધકામો પ્રતિ ઉચ્ચ કક્ષાએથી ધ્યાન રાખવાની જરૂર છે. સેવા સુવિધાના નામે મીંડુ ફરી વળ્યું છે. ને સત્તાવાળા ટેક્સ વધારા માટે તલપાપડ બન્યા છે.

તલોદ ન.પા.એ નવા સૂચિત કરેલ કરવેરાના ભારણ માટે નગરને ત્રણ વિસ્તારમાં વિભાજીત કરવાનો નિર્ણય કરેલ છે. જેમાં નબળા વિસ્તાર, મધ્યમ વિસ્તાર અને સમૃદ્ધ વિસ્તારનો સમાવેશ કરેલ છે. જેમાં વસતા નગરજનોને શિરે સેંકડો ટકાનો વેરા વધારો લાદવાનો પ્રયાસ હાથ ધરેલ છે. તેમજ અહિં તહિ ગંદકી કરતા નાના-મોટા ધંધાકારીઓ તથા તબીબો વગેરે માટે પણ વહિવટી ચાર્જના દર વસુલવાનો પણ વિચાર હાથ ધરેલ છે. જેમાં વસુલાતનો ચાર્જ નહિ ભરનાર સામે દંડનીય કાર્યવાહી તથા પોલીસ કેસ પણ કરવાની જોગવાઈ દર્શાવેલ છે. જે નગરનજનો રસ્તા-પાણી અને સફાઈ સેવાથી વંચિત છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ન.પા.ની સામાન્ય સભામાં વેરા વધારા સંદર્ભની ચર્ચામાં કોંગીના સદસ્યોએ વેરા નહિ વધારવા વિરોધ નોંધાવેલ તેમ છતાં વેરા વધારવાની દિશામાં સૂત્રોએ ગતિ કરતા પુનઃ લેખિત વિરોધ આપવાની સદસ્યોને ફરજ પડેલ છે.

પ્રાંતિજમાં ગુજરાતી ફિલ્મનુ શુટીંગ જોવા માટે કિડીયારૂ ઉભરાયું

પ્રાંતિજ ખાતે ગુજરાતી ફિલ્મનું શુટીંગ કરવામાં આવી રહ્યું છે. શહેરના શુટીંગ જોવા પ્રાંતિજ અને આજુબાજુના ફિલ્મ રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હાલમાં ગુજરાતી ફિલ્મ ઠાકોર નંબર વનનું શુટીંગ ચાલી રહ્યું છે. શુટીંગ મોટી બોક વિસ્તારના સુંદર લોકેશન પર ચાલી રહ્યું છે. જેની જાણ જનતાને થતા ફિલ્મનું શુટીંગ અને ચહેતા કલાકારોને જોવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત થતા હતા. ભગવાન વાઘેલા દ્વારા બનાવવામાં આવતી ગુજરાતી ફિલ્મ હિંમતનગરના જામળા, હાલોલ અને પ્રાંતિજ ખાતે શુટીંગ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ફિલ્મના કલાકારો જગદીશ ઠાકોર, રેશ્મા પુરોહીત અને ફિરોજ ઈરાનીને જોવા માટે કિડીયારૂ ઉભરાતું જોવા મળતું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ડીસામાં પાંચ ગામ લેઉવા પાટીદાર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

પાટણ અને મહેસાણા જિલ્લાના વતની પરંતુ ડીસાને પોતાની કર્મભુમિ બનાવી વિવિધ ક્ષેત્રોમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરનાર પાટીદાર સમાજનો દસમો સ્નેહમિલન સમારંભ અને ઈનામ વિતરણ સમારંભ શુભમ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો હતો.

જન્મદિને શુભેચ્છા

સજનબા જસવંતસિંહ રહેવર
મો.૯૯૯૮૮૦૬૧૪૧

પોગલુ, પાટીદાર યુવક મંડળ દ્વારા દિકરી વધાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો

૨૦૧૩માં જન્મેલ દિકરીઓ અને માતા-પિતાનું સન્માન કરવામાં આવ્યુ

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસેના પોગલુ પાટીદાર યુવક મંડળ દ્વારા દિકરી વધાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પ્રાંતિજ પાસે આવેલ બાવનગોળ કડવા પાટીદાર સમાજવાડી ખાતે તા. ૫-૧-૨૦૧૪ને રવિવારના રોજ પોગલુ પાટીદાર યુવક મંડળના યુવાનો દ્વારા વર્ષ ૨૦૧૩માં જન્મેલ દિકરીઓના માતા-પિતાના સન્માન સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૦૧૩માં જન્મેલ ૭ જેટલી દિકરીઓને રૂ. ૩૦૦૦ ના સર્ટી, બ્લેન્કેટ અને માતા-પિતાનું સન્માન કરી સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. જ્યારે 'દિકરી બચાવો સમાજ બચાવો' ઉદ્દેશ સાથે પાટીદાર યુવક મંડળના યુવાનોએ સમાજને સાથે અને સમાજની જોડે રહીને સમાજલક્ષી કામ કરવાનું સમાજના યુવા કાર્યકર વાસુભાઈ પટેલે જણાવ્યું હતું.



જ્યારે આ પ્રસંગને એ.એસ. પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, ધનંજય પટેલ, સુનીલદાસજી મહારાજ, શીવા કાન્તીજી મહારાજ વગેરે મહાનુભાવોએ સમાજલક્ષ્મી કાર્યકરતા યુવાનોના આ દિકરી બચાવો કાર્યક્રમને વધાવ્યો હતો અને જેમાં પાટીદાર સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી દિકરીના માતા-પિતાનું સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શતાવધાન પ્રયોગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે બાદમાં મુનિશ્રીએ ક્રમાનુસાર યાદ રાખી હાજર સૌ સમક્ષ રજૂ કર્યા હતા. જેમાં ઉલટાથી પણ શરૂ કરી રજૂ કર્યા હતા. આડાઅવળા ક્રમ મુજબ પણ રજૂ કરી સ્મરણ શક્તિનું અદ્‌ભુત પ્રદર્શન કરી લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તેઓએ જણાવ્યું હતું કે ૧૦૦૦ વિગતોને પણ સ્મરણમાં રાખી રજૂ કરી શકવાની પણ શક્તિ રહેલી છે. જે સમય આવશે ત્યારે રજૂ પણ થઈ જશે.

ગાંધીનગરમાં આવવા માટેના કારણ અંગે જણાવ્યું હતું કે જે જગ્યાએ ગુજરાત રાજયનું દોરી સંચાર થાય છે અને અનેક રાજકીય વ્યક્તિઓ અહીં હોય છે જેથી સ્મરણ શક્તિના આ પ્રયોગથી રાજયના આ પ્રતિનિધિઓને યોગ અને સાધનાથી હાંસલ કરતી શક્તિઓ પ્રદર્શિત કરવાની ભાવના રહેલી છે.

કેવા ૧૦૦ પ્રશ્ન અને વિગતો રજૂ થઈ?

૧થી ૧૦ : પ્રશ્નો (પથી ૭ શબ્દોમાં રજૂ કરવા)

૧૧ : સંસ્કૃત શ્લોકનું (અનુષ્ટુપ) પ્રથમ ચરણ

૧૨થી ૨૦ : સુવાક્યો રજૂ કરવા

૨૧ : સંસ્કૃત શ્લોકનું બીજુ ચરણ.

૨૨ થી ૩૦ : કહેવતો રજૂ કરવી.

૩૧ : સંસ્કૃત શ્લોકનું ત્રીજુ ચરણ

૩૨ થી ૪૦ : સમાનાર્થી વિરૂદ્ધાર્થી શબ્દો કહી તેનો જવાબ

૪૧ : સંસ્કૃત શ્લોકનું ચોથુ ચરણ

૪૨ થી ૫૦ : જૈન-અજૈન સંતો અને સ્થળોના નામ રજૂ કરવા

૫૧ : નવ ખાનાનું સર્વતોભદ્ર યંત્ર

૫૨ થી ૬૦ : પવિત્ર તહેવારોના નામ રજૂ કરવા

૬૧ થી ૭૦ : પાંચ પ્રતિક્રમણ-નવસ્મરણની ગાથા પ્રથમ ચરણમાં રજૂ થઈ

૭૧થી ૭૫ : વૈજ્ઞાનિકો અને દેશભક્તોના નામ રજૂ થયા

૭૬ થી ૯૦ : દર્શન અવધાન (વસ્તુમુનિને બતાવવી જે ક્રમ મુજબ યાદ રાખી શકે)

૯૧ થી ૧૦૦ : જૈન પરિભાષાઓ રજૂ થઈ.

ગાંધીનગરના ટાઉન હોલમાં પ્રયોગ રજૂ થશે

જૈન મુનિ અભિનંદનચંદ્ર સાગરના શતાવધાન પ્રયોગને વિશાળ ફલગ ઉપર લઈ જવા રવિવારના આ કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય તેમજ અન્ય પ્રતિનિધિઓને આ અંગે કાર્યક્રમ કરવા ટાઉનહોલ અને આ અંગેની સુચારૂ વ્યવસ્થા કરવા રજૂઆત થઈ હતી. જેને આ પ્રતિનિધિઓએ સાનુકૂળ પ્રતિસાદ આપી ટૂંક સમયમાં આ આયોજન થશે તેની જાહેરમાં ખાત્રી આપી હતી.

મૂનિવરનું મંતવ્ય

- આજનું શિક્ષણ વાલીઓ માટે તણાવયુક્ત છે.

- અત્યારનું શિક્ષણ પગારલક્ષી બન્યું છે.

- પ્રોત્સાહનનો અભાવ અને શાળાઓમાં યોગ અને સરસ્વતી સાધના જેવા વિષયો અલિપ્ત રહ્યા છે.

- શારદ સાધના કરવાથી સર્વ સિદ્ધિ ફળે છે.

- તારક મહેતાના ઉલટા ચશ્માના કલાકાર ટપુ (ભવ્ય ગાંધી)એ ધોરણ-૧૦માં યાદશક્તિ માટે મુલાકાત લીધેલ હતી અને તેણે સરસ્વતી સાધના થકી ધ્યેય પ્રાપ્ત કર્યો હતો.

મુનિવરની અદ્‌ભુત યાદશક્તિ

જૈન ધર્મના પવિત્રમ્ આગમ શાસ્ત્રો પૈકીના ૯ આગમો (હજારો શ્લોક પ્રમાણ) કંઠસ્થ કર્યા છે સાથે સાથે સંસ્કૃત, કાવ્ય, ન્યાય વિગેરે શાસ્ત્રોમાં પણ દક્ષતા હાંસલ કરી છે. યુવાનો માટે ઉદાહરણરૂપ આ પ્રયોગ એકાગ્રતા અને ધ્યાનનું મહત્વ સમજાવે છે.

સદાચાર યાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એમ કુલ ૧૧૧૬ કિ.મી.નું અંતર ફરશે જેનું નેતૃત્વ કોંગ્રેસ પક્ષના પૂર્વ પ્રદેશ અધ્યક્ષશ્રી સિદ્ધાર્થભાઈ પટેલ કરશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજીત સદાચાર યાત્રા ચોથા વિભાગમાં વારાહી, પાટણથી શરૂ થઈ મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા થઈ ભરૂચ એમ કુલ ૭૪૫ કિ.મી.નું અંતર ફરશે. બીજા તબક્કાની યાત્રાનું નેતૃત્વ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શક્તિસિંહ વાઘેલા કરશે. કેન્દ્રીય મંત્રીશ્રી ભરતસિંહ સોલંકી અને શ્રી દિનશા પટેલ આણંદ, ખેડા સહિત અન્ય જિલ્લાઓમાં સગાચાર યાત્રામાં જોડાશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજીત સદાચાર યાત્રાના પાંચમા તબક્કામાં તા. ૧૯ જાન્યુઆરીથી ઉમરામ-વલસાડથી ડાંગ ડાંગ, તાપી, સુરત એમ કુલ ૪૯૦ કિ.મી.નું અંતર કાપશે જેનું નેતૃત્વ કેન્દ્રીય મંત્રી ડૉ. તુષારભાઈ ચૌધરી કરશે.

સગાચાર યાત્રાના કો-ઓર્ડીનેટરશ્રી ભરત મકવાણાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજીત સદાચાર યાત્રા રાજય વ્યાપી વિવિધ તાલુકા-જિલ્લામાં કુલ ૪૯૩૬ કિ.મી.નું અંતર ફરશે. જેમાં વિવિધ વિભાગોમાં રાજયના મુખ્ય નેતાઓ જવાબદારી લેશે સાથોસાથ સદાચાર યાત્રામાં સ્થાનિક ધારાસભ્યો, સંસદસભ્યો, જિલ્લા-તાલુકા પંચાયતના નેતાઓ, કોર્પોરેશનના નેતાઓ અને સ્થાનિક ચૂંટાયેલા સભ્યો, સરપંચશ્રીઓએ, સહકારી આગેવાનો, એન.જી.ઓ જોડાશે.

મજૂરની હત્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉશ્કેરાઈ ગયેલા મગને પાવડો લઈને હુરમાજીના કપાળે ઠોકી દીધો હતો. લમણુ ફાટી જતા હુરમાજીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. બીજી તરફ આરોપી મજૂર મગન પાવડો લઈને ફરાર થઈ ગયો હતો. મજૂરોએ હુરમાજીના દિકરાને ફોન કરીને ઘટનાની જાણ કરતાં નોકરીએ ગયેલો દિકરો ભરત ખોલીએ આવી ગયો હતો અને પોલીસને જાણ કરતા સે. ૭ પોલીસમથકના સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતકના દિકરા ભરતની ફરિયાદને આધારે હત્યાનો ગુનો નોંધી હત્યારાને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

વહીવટદાર મુકાયા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી દેતાં વહીવટદારે ચાર્જ સંભાળી લીધો છે. મળતી વિગતો પ્રમાણે ૮ થી ૧૦ જાન્યુઆરી દરમ્યાન ૩૬ જેટલા ગેરકાયદે દબાણો દૂર કરવા માટેની કાર્યવાહી હવે વહીવટદારની દેખરેખ હેઠળ થશે. વહીવટદારે પણ સલામતિના તમામ પગલાંઓને ધ્યાને લઈ પોલીસ તંત્ર તેમજ તંત્રના અધિકારીઓને હાજર રાખી આ કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

૧૦મી સુધીમાં દબાણો દૂર કર્યા બાદ આ અંગેનો અહેવાલ તૈયાર કરવામાં આવશે અને આ પછી સરકારી વકીલ દ્વારા તે કોર્ટમાં રજુ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. તંત્રએ પણ આ દબાણોને લઈ તેને દૂર કરવાની વ્યુહરચના તૈયાર કરવા પર સમગ્ર ધ્યાન કેન્દ્રીત કર્યુ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે હરકતમાં આવેલા તંત્રએ આ માટે જિલ્લા પોલીસનો પણ સંપર્ક સાધ્યો છે. દબાણકારોને નોટીસની બજવણી પણ કરી દેવામાં આવી છે.

શબ્દાવલી - ૫૨૭૯



આડી ચાવી

૧. દ્વારપાળ (૪)
૪. તંદુરસ્ત, રોગ વિનાનું (૩)
૫. નુર, તેજ, કાંતિ (૨)
૬. નવું (હિન્દીમાં) (૨)
૭. સિંહ, સાવજ (૪)
૧૦. આજ દિવસ સુધી, હમણાં સુધી (૪)
૧૨. એક ધાન્ય (૩)
૧૩. ભય, બીક (૨)
૧૪. બરબાદ, ખેદ્યનમેદાન (૩)
૧૬. અવાજ વિનાનું (૩)
૧૮. રટણ, નામ સ્મરણ (૨)
૧૯. બરાબર, વ્યવસ્થિત (૪)
૨૧. ખપ, જરૂર, પરવા (૩)
૨૨. પસ, રસી (૨)

ઊભી ચાવી

૨. નકામુ, વ્યર્થ (૪)
૩. માણસ, પુરૂષ (૨)
૪. બરાબર નિશાન તાકનાર(૫)
૬. જોવું તે, લક્ષ (૩)
૮. રાજી, ગુપ્ત બાબત (૨)
૯. થોડુ, લગાર (૨)
૧૦. પડઘો, ભીંત (૩)
૧૧. તંબુ, છાવણી (૩)
૧૬. ઉપજ, આવક (૩)
૧૭. ખરાબ (૩)
૧૮. પૈસો, ઝવેરાત (૨)
૨૦. પ્યાલો, વિજેતાને અપાતું પ્રતિક (૨)

શબ્દાવલી ૫૨૭૮ના જવાબ

આડી ચાવી :- (૧) વાવાઝોડુ (૫) ખરલ (૭) નકૂચો (૮) સ્વર (૯) ગામડિયો (૧૧) રહેમ (૧૩) જહેમત (૧૫) ડઝન (૧૬) લત (૧૭) કફન (૧૯) મવાલી (૨૧) ચમક (૨૨) ચક્ષુ

ઊભી ચાવી :- (૧) વાનર (૩) ઝોકુ (૪) ડૂચો (૫) ખતમ (૬) લણિયો (૮) સ્વરાજ (૯) ગામ (૧૦) ડિવિઝન (૧૧) રમત (૧૨) હેત (૧૪) હેલ (૧૫) ડફલી (૧૭) કવાલી (૧૮) લાંચ (૨૦) ભિક્ષુ

ઈરાદાની જરૂર છે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપર બોજ સમાન છે. સમયની માંગ એવી છે કે, તેના ઉપર ફેર વિચારણા થવી જોઈએ. ભાજપ આ મુદ્દા ઉપર ગંભીરતાથી આગળ વધી રહી છે. તેમણે એમપણ કહ્યું હતું કે, અમારા મોટા નેતા આમા લાગેલા છે. મોદીએ એમપણ કહ્યું હતું કે, બાબા રામદેવ અને તેમના સમર્થકોની ભાજપ અને તેમના વ્યક્તિગતથી જે અપેક્ષાઓ છે તે અપેક્ષાઓને પૂર્ણ કરવામાં આવશે. દરેક સમસ્યાઓનો ઉકેલ શોધી શકાય છે. મોદીએ પોતાના ભાષણમાં ફરી એકવાર કહ્યું હતું કે, આજે દેશને વચનો નહીં પરંતુ ઈરાદાઓની જરૂર છે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, તેઓ નિરાશામાં માનનાર વ્યક્તિ નથી. તેમની ડિક્સનરીમાં નિરાશા નામના શબ્દો નથી. મોદીએ એમપણ કહ્યું હતું કે, તેઓ જીંદગીને હમેશા જીવતા આવ્યા છે. દેશ ખૂબ જ મહાન છે. રેલગાડીમાં ચા વેચનાર વ્યક્તિને આજે લોકો ખભા ઉપર ઉઠાવી ચુકયા છે. મોદીએ એમપણ કહ્યું હતું કે, દિલ્હી સરકારની ખોટી નીતિઓના કારણે સોનાની દાણચોરી ફરી શરૂ થઈ ચુકી છે. મોદીએ ઈસરોના વૈજ્ઞાનિકોને પણ અભિનંદન આપ્યા હતા.

સફળ લોન્ચીંગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિભ્રમણ કક્ષાને વધારવામાં આવશે. અગાઉ સ્વદેશી ક્રાયોજેનીક અપર સ્ટેજ એન્જિન દ્વારા પાવર્ડ ભારતના મહત્વપૂર્ણ જીએસએલવી-ડી-૫ રોકેટ માટેનું કાઉન્ટ ડાઉન ગઈકાલે સવારે ૧૧.૧૮ વાગ્યે શરૂ થઈ ગયું હતુ.

શ્રીહરિકોટામાં સતિષ ધવન સ્પેશ સેન્ટર ખાતે આ કાઉન્ટ ડાઉનની શરૂઆત થઈ હતી. રોકેટે આજે સાંજે ૪.૧૮ વાગ્યે વિધિવતરીતે ઉડાણ ભરી હતી. જીસેટ-૧૪ દૂરસંચાર ઉપગ્રહનું વચન ૧૯૮૨ કિલોગ્રામ છે. આમાં ઘણી બધી વિશેષતાઓ રહેલી છે. ટેલ એજ્યુકેશન અને ટેલ મેડિસિનમાં એપ્લિકેશન સાથે આ ઉપગ્રહ ખૂબજ મહત્વપૂર્ણ છે. બે વખત નિષ્ફળતા અને અન્ય એક વખત લોન્ચીંગ વેળા ટેકનિકલ ખામીના પરિણામ સ્વરૂપે આ વખતે ખૂબજ સાવધાની રાખવામાં આવી હતી.

છેલ્લા ત્રણ વર્ષમાં આને લઈને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈશરોને ઘણી બધી તકલીફ થઈ હતી. આજના લોન્ચિંગ પહેલા ૪૫ પ્રકારના જુદા જુદા ટેસ્ટ કરવામાં આવ્યા હતા.જીએસએલવીની અગાઉની ફ્લાઈટની સમીક્ષા કરવામાં આવ્યા બાદ કેટલાક ઘટકોમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા હતા. નિષ્ફળતા હાથ ન લાગે તે માટે ખૂબ જ કાળજી રાખવામાં આવી હતી. ભારત રોકેટની પીએસએલવી રેન્જમાં નિષ્ણાંત તરીકે છે. ૨૫ સતત સફળતા હાથ લાગી છે. એપ્રિલ ૨૦૧૦માં ઈશરોએ તેના પ્રથમ સ્વદેશી ક્રાયોજેનિક એન્જિનના ટેસ્ટ કર્યા હતા. પરંતુ આમાં નિષ્ફળતા હાથ લાગી હતી. આજે લોન્ચ વેળા ઈશરોના મોટી સંખ્યામાં વૈજ્ઞાનિકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દૂરદર્શન પરથી આનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. તમામની નજર જીએસએલવી-ડી ૫ પર કેન્દ્રિત રહી હતી.

પંચની રોક...

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે સખી મંડળો તેમજ મહિલા વિકાસ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓનો સહયોગ લેવા સૂચવ્યું છે. દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦.૫૦ લાખ સુધી પહોંચી ગઈ છે. હવે સંક્ષિપ્ત સુધારણા યાદીમાં કેટલા નવા ફોર્મ આવે છે તેના પર આંકડો આખરી થશે. ગાંધીનગર જિલ્લામાં યુવા મતદારોની નોંધણી પ્રમાણમાં ઓછી હોવાનું પંચના એક તારણમાં જણાયુ હતુ જે ઉલ્લેખનીય છે.

ટાઈમ લાઈન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શૂટીંગ કરવા સર્વેક્ષણ હાથ ધર્યું છે. રાજય સરકારના એક પ્રધાન કહે છે કે મુંબઈનું બોલીવુડ ગુજરાતમાં કેમ ના આવે... આ તો મોદીનું માર્કેટીંગ રંગ લાવ્યું છે ને..!!

વડોદરામાં 'ગ્રાન્ડ મસ્તી' 'ફિલ્મનું શૂટીંગ થયું હતું, જે ફિલ્મએ બિભત્સ ડાયલોગ્સમાં મેદાન માર્યું છે. અત્યંત વિવાદાસ્પદ રહેલી 'રામલીલા' ફિલ્મ કચ્છની ધરતી ઉપર ઉતરી છે. શાહિદ કપુરની 'આર... આરકુમાર' નું શૂટીંગ કચ્છના રણમાં થયું છે. ચેતન ભગત લિખીત 'કાય પો છે..' ફિલ્મનું શૂટીંગ અમદાવાદમાં થયું છે. 'ડી ડે...' ફિલ્મમાં પણ અમદાવાદના દ્રશ્યો છે. 'ગુડ રોડ' તો કચ્છની પેદાશ છે. 'મટરૂ કી બિજલી' 'વાંકાનેર,'સાહિબ બીબી ઔર ગેંગસ્ટર દેવગઢ બારીયા અને 'ગોરી તેરે પ્યાર મ' ફિલ્મનું શૂટીંગ ભૂજમાં થયું છે. ભલે ગુજરાતી ફિલ્મોના પ્રોડકશન ઓછા થઈ ગયા, ગુજરાતમાં હિન્દી ફિલ્મો પ્રવેશી ચૂકી છે...

સર ડેપ્યુટેશન છે, ના, જવાનું નથી....

ગુજરાત પોલીસમાં મહત્વની પોસ્ટ ભરાઈ ચૂકી છે છતાં આઈપીએસ અધિકારીઓની ઘટ વર્તાયા કરે છે. પોલીસ બળ ઓછું પડતું હોઈ રાજય સરકાર હવે કોઈ નવા પોલીસ અધિકારીને ડેપ્યુટેશન ઉપર દિલ્હી જવા દેવા માગતી નથી. પોલીસ ભવનમાં કામ કરતા એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે રાજય સરકારે અધિકારીઓને ડેપ્યુટેશન ઉપર મોકલવા જોઈએ અન્યથા તે અધિકારીનો વિકાસ અટકી જશે. એક આઈપીએસ પ્રવિણ સિંહાનું દિલ્હીમાં પોસ્ટીંગ પણ થઈ ચૂક્યું હતું પરંતુ રાજય સરકારે તેમને જવાની પરવાનગી આપી નથી, આ ઓફિસર બિચારા અફસોસ વ્યક્ત કરી રહ્યાં છે...

૨૩, ડિસેમ્બર-૨૦૧૩ની સ્થિતિએ જોઈએ તો રાજયના પોલીસ દળમાં એન્ટી કરપ્શન બ્યુરોની જગ્યાને બાદ કરતાં મહત્વની જગ્યાએ કાયમી પોસ્ટીંગ થઈ ચૂક્યાં છે. બાકીની રેન્ક પ્રમાણે જોઈએ તો એડીજી રેન્કમાં ૧૧, આઈજીપી રેન્કમાં ૩૧, ડીઆઈજીપી રેન્કમાં ૨૦ અને એસપી રેન્કમાં ૭૩ ઓફિસરો ફરજ પર છે. હાલ આઠ ઓફિસરો સેન્ટ્રલ ડેપ્યુટેશન ઉપર ગયેલા છે અને બે ઓફિસરો હિમાંશુ ભટ્ટ અને સમી ઉલ્લાહ અન્સારી લીવ પર છે. રાજયમાં આઈપીએસની સ્ટ્રેન્થ ૧૯૫ની છે જેમાં ૪૨ જગ્યાઓ સેન્ટ્રલ ડેપ્યુટેશનની છે....આજે તો એવું છે કે ઓફિસર પૂછે કે સર ડેપ્યુટેશન છે, જવાબ મળે છે કે જવાનું નથી...

૨.૬૦ લાખની સામે ૧.૫૩ લાખની ભરતી થશે...

ચૂંટણીના ચાર મહિના બાકી હોય ત્યારે લોકભોગ્ય નિર્ણયોથી ચૂંટણીના મેદાનમાં કુદી પડવું તે રાજકીય પાર્ટીઓનો સિરસ્તો છે. આ વખતે બજેટ નથી પણ લેખાનુદાન છે તેથી કોઈ મોટી જાહેરાતો શક્ય નહી બને, પણ પ્રજાકીય પ્રૌના નિરાકરણ માટેના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે....ગુજરાતે હમણાં જ એક નિર્ણય એવો લીધો છે કે બેકાર યુવાનોને સરકારી જોબ આપશે. જો કે આ જોબ કાયમી નહી હોય, પાંચ વર્ષ પછી ફુલ પગાર મળી શકશે. આ નિર્ણય લેવાનું કારણ લોકસભાની ચૂંટણી છે. યુવાનોના મતો મેળવવાની તરકીબ છે...

મોટી સરકારે એક વર્ષ નહી પણ દસ વર્ષની ભરતીનું કેલેન્ડર બનાવ્યું છે. આ કેલેન્ડર પ્રમાણે જરૂરિયાત મુજબનો સ્ટાફ ભરવામાં આવશે. હકીકતમાં પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના આંકડા ચોંકાવનારા છે. સત્તાવાર આંકડા પ્રમાણે ૨૦૦૫ થી ૨૦૧૩ સુધીમાં સરકારના વિવિધ વિભાગોમાં નિવૃત્ત થયેલા ઓફિસરોનો આંકડો ૧.૨૦ લાખનો છે. ૨૦૧૪માં ૨૦૨૦ સુધીના આવનારા સાત વર્ષમાં બીજા ૧.૪૦ લાખ ઓફિસરો નિવૃત્ત થઈ રહ્યાં છે. એટલે કે ૨૦૦૫ થી ૨૦૨૦ સુધીમાં સરકારમાંથી ૨.૬૦ લાખનો સ્ટાફ ઓછો થવાના ચાન્સિસ છે, જેની સામે ૧.૫૪ લાખની ભરતી કરવામાં આવી રહી છે. એટલે કે માત્ર ખાડો પુરવા પુરતી આ ભરતી પ્રક્રિયા છે, રોજગારીની નવી તકોનું આ કોઈ સર્જન તો ન જ કહેવાય..!!

એક પાર્ટીનો અસ્ત અને બીજી પાર્ટીનો ઉદય...

ગુજરાત પરિવર્તન પાર્ટીને વાઈન્ડઅપ કરવાના દિવસો આવી રહ્યાં છે. ખૂબ જ ટૂંક સમયમાં આ પાર્ટીનું પતન થઈ જશે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના વલણના કારણે પાર્ટીનો ભાર વહન કરી રહેલા ગોરધન ઝડફિયા હવે મૂંઝાયા છે. પાર્ટી ચલાવવા માટે તેમના પાસે નેતાઓની ફોજ રહી નથી. વિધાનસભાની ચૂંટણી હતી ત્યારે જેટલા લોકો આ પાર્ટી સાથે હતા તેનાથી અડધા પણ રહ્યા નથી. ગોરધનભાઈને આમ આદમી પાર્ટીનો ઉદય સારો લાગે છે તેથી તેઓ આ પાર્ટીમાં જોડાવા મીટ માંડીને બેઠાં છે.

ડૂબતાને તણખલું મળે તેમ જીપીપીના નેતાઓ એએપી તરફ વળ્યા છે, કારણ કે કેશુભાઈ પટેલનો કોઈ ભરોસો રહ્યો નથી. તેઓ ગમે તે સમયે ભાજપમાં ભળી જાય તેમ છે. આમ પણ કેજરીવાલની પાર્ટીને ગુજરાતમાં સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. કેજરીવાલ ગુજરાતની મુલાકાતે આવવાના છે તેવું તેમની પાર્ટીના સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. એએપીના રાષ્ટ્રીય નેતાઓએ ગુજરાતમાંથી પ